R.N.I. No. : 66450/97 Ahmedabad Jurisdiction

ટે.નં. (મો).૯૮૨૫૧૬૯૩૮૬

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતું સાપ્તાહિક

# ગરવી નવક્રાન્તિ

http://jagadishchristian.com

તંત્રી : પ્રશાંત ધોળકીયા .મેનેજીંગતંત્રીઃ મિનાક્ષી ધોળકીયા

email:garvinavkranti @ yahoo.com

ESTD.YEAR- 23•ISSUE: 30 DATE: 30-07-2019•SATURDAY•PAGES: 4•PRICE Rs.1•YERLY SUB: Rs. 60/-

આપનું લવાજમ બાકી છે ? હા( )ના( )

If undelivered pl.return to

સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો

કાર્યાલય :૨/૧૦(૩૦૮) સોનિયા એપાર્ટમેન્ટ પી.ટી.કોલેજરોડ,નારાયણનગર પાલડી,અમદાવાદ-૭

## દેશમાં ઇવીએમથી નહી પણ બેલેટ પેપરથી ચુંટણી કરાવવાની જરુર : મમતા બેનરજી

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીએ શહીદ દિવસના અવસરે કોલકોતામાં શક્તિ પ્રદર્શન કરતાં તેમના ભાષણમાં ઈવીએમ,નોટબંધી,હિંદુ-મુસલમાન, બાંગ્લાને બહાને ભાજપ પર આકરા વાર કર્યા હતા.અત્યંત આક્રમક દેખાઇ રહેલા મમતાએ ભાજપને ડાકુઓની પાર્ટી ગણાવી નાંખી હતી.મમતા શહીદ દિવસે રેલીમાં કહ્યુ હતું કે દેશમાં લોકશાહી બહાલ કરવાની જરુર છે. ઈવીએમ દ્વારા નહી બેલેટ પેપર દ્વારા ચુંટણી કરાવવી જોઈએ. મમતાએ કહ્યુ કે ૨૦૧૯ની લોકસભાની ચુંટણી ઈતિહાસ નહીં પણ એક રહસ્ય છે. લોકસભાની ચુંટણીમાં ઈવીએમ અને સીઆરપીએફના ઉપયોગ કરીને ભાજપે ચુંટણી જીતી છે.ભાજપને ફક્ત ૧૮ બેઠકો મળી છે. કેટલીક બેઠકો કબજે કરીને તેઓ અમારી પાર્ટીના કાર્યાલયો પર કબજો કરી રહ્યા છે.અને અમારા માણસોની મારઝુડ કરી રહ્યા છે. હું ચુટણી પંચને અનુરોધ કરુ છું કે પંચાયત અને નગર નિગમ ચુંટણી બેલેટ પેપરથી કરાવવામાં આવે.

મમતા બેનરજીએ એવો આક્ષેપ કર્યોહતો કે ભાજપ અમારા ધારાસભ્યોને ૨ કરોડ અને પેટ્રોલ પંપ આપવાની ઓફર કરી રહ્યો છે.ભાજપે કર્ણાટકમાં પણ આવું જ કર્યુ છે. ભાજપ દરેક જગ્યાએ ખરીદી કરી રહ્યો છે.



મમતાએ કહ્યુ કે ૨૧ જુલાઈ શહીદ દિન ઐતિહાસિક છે. ૨૬ વર્ષ પહેલાં આજના દિવસે ૧૩ યુવા કાર્યકરોનું પોલીસ ગોળીબારમાં મોત નિપજ્યું હતું. હું એ તમામ શહીદોને શ્રધ્ધાંજલી અર્પુ છું.૩૪ વર્ષના ડાબેરી શાસનકાળમાં તેઓ માર્યા ગયા હતા.

મમતા બેનરજીએ ઈવીએમ પર નિશાન સાધતાં કહ્યુ કે મોદી સરકારે ઈવીએમમાં ગોટાળા કરીને લોકસભાની ચુંટણી જીતી છે.તેમણે કહ્યુ કે આપણે ન ભુલવું જોઈએ કે ઇંગ્લેન્ડ ,ફ્રાંસ, જર્મની અને અમેરિકાએ પણ ઈવીએમ દ્વારા ચુંટણી થતી હતી પરંતુ પાછળથી ઈવીએમ પર પ્રતિબંધ મુક્યો હતો.શું આપણે બેલેટ પેપર દ્વારા ચુંટણી ન કરાવી શકીએ. જો ચુંટણીમાં કાળા નાણાંનો ઉપયોગ રોકવો હોય અને લોકશાહી બચાવવી હોય તો રાજકીય દળોએ પારદર્શિતા લાવવી પડશે.

## વિપક્ષોના આકરા વિરોધ વચ્ચે આરટીઆઇ બિલ લોકસભામાં પસાર થયું : વિપક્ષોએ પ્રસ્તાવિત બિલને 'આરટીઆઇ એલિમિનેશન બિલ'ગણાવ્યું

માહિતી અધિકાર(આરટીઆઈ) કાયદામાં સંશોધન માટેનું બિલ લોકસભામાં વિપક્ષોના ભારે વિરોધ વચ્ચે પસાર થયું હતું. આ બિલમાં ઈન્ફોર્મેશન કમિશ્નરર્સના વેતન અને કાર્યકાળમાં ફેરફાર અંગેનો પણ પ્રસ્તાવ છે. આરટીઆઈ એક્ટને હળવો કરી દેવાશેનો આરોપ લગાવીને વિરોધપક્ષોએ આ પ્રસ્તાવિત બિલને આરટીઆઈ એલિમિનેશન બિલ ગણાવ્યુ હતું. લોકસભામાં ટ્રાન્સપરન્સી લો રાઈટ ટું ઈન્ફોર્મેશન એક્ટમાં સંશોધન અંગેનું આ વિવાદિત બિલ વિપક્ષોના આકરા વિરોધ સાથે પસાર થયું હતું. વિપક્ષોએ આ સાથે માંગણી કરી હતી કે વધુ સ્ક્રુટીની માટે આ બિલને સૌ પ્રથમ પસંદગી સમિતિ પાસે મોકલવામાં આવે. વાસ્તવમાં વિપક્ષોને આશા છે કે લોકસભામાં પસાર થયેલા આ બિલને મામલે થયેલા વિરોધમાં તેમને રાજ્યસભામાં સમર્થન મળશે કેમકે મોદી સરકાર પાસે રાજ્યસભામાં હજુ પુરતું સંખ્યાબળ નથી.

આરટીઆઈ એક્ટમાં આ પ્રસ્તાવિત ફેરફારોમાં રાજ્યો અને કેન્દ્રના ઈન્ફોર્મેશન કમિશ્નરર્સના વેતન અને કાર્યકાળમાં ફેરફારો સામેલ છે. હાલમાં પાંચ વર્ષનો કાર્યકાલ ધરાવતા ઈન્ફોર્મેશન કમિશ્નરર્સનો કાર્યકાળ હવે કેન્દ્ર સરકાર નક્કી કરશે. તેમા વેતન કે જે ચુંટણી કમિશ્નરના અધિકારીઓની રેન્ક પ્રમાણે હોય છે. તેનો નિર્ણય પણ કેન્દ્ર સરકાર દ્વારા કરાશે.હાલમાં આરટીઆઈ એક્ટમાં આવી કોઈ જોગવાઈ નથી.આરટીઆઈ કાર્યકર્તાઓના કહેવા પ્રમાણે આ પ્રકારના સુધારાથી ઈર્ન્ફોર્મેશન કમિશ્નરર્સની સ્વતંત્રપણે નિર્ણયો લેવાની ક્ષમતામાં ખલેલ પહોચશે.કોગ્રેસના નેતા શશી થરુરે કહ્યુ હતું કે આ બિલથી લોકશાહીનું સૌથી મોટું કવચ દુર થશે. જે વાસ્તવમાં આરટીઆઈ એક્ટનોજ છેદ ઉડાડી દેશે.

જો કે સરકારે આ મામલે દલીલો કરી હતી કે આ બિલમાં ઈન્ફોર્મેશન કમિશ્નરર્સને ડીગ્રેડ કરવાો સવાલ જ નથી અને માત્ર કાયદામાંની કેટલીક ક્ષતિઓ જ દુર કરવાની કોશીશ છે. કેન્દ્રીય મંત્રી જીતેન્દ્ર સિહે કહ્યુ હતું કે અમે આ સંસ્થાની સ્વાયત્તતામાં કોઈ રીતે ખલેલ પહોચાડીશું નહીં. જ્યારે શશી થરુરે કહ્યુ હતુ કે આરટીઆઈ એલીમિનેશન બીલ છે.જ્યારે કેન્દ્રીય મંત્રી જીતેન્દ્ર પ્રસાદે કહ્યુ હતું કે અગાઉની સરકારમાં આરટીઆઈ અરજી કાર્યાલયના સમયમાં જ દાખલ કરી શકાતી હતી પરંતુ હવે આરટીઆઈ ગમે ત્યારે અને ગમે ત્યાંથી દાખલ કરી શકાય છે. તેમણે કહ્યુ હતું કે મોદી સરકારે સીઆઈસીની પસંદગીના વિષયમાં આગળ વધીને કામ કર્યુ છે.૧૬મી લોકસભામાં વિપક્ષના કોઈ નેતા નહોતા એવામાં સરકારે સંશોધન કરીને તેમાં સૌથી મોટી પાર્ટીના નેતાને સામેલ કર્યા છે. જેમને પસંદગી સમિતિમાં સામેલ કરાયા છે.

## કર્ણાટકમાં વિશ્વાસનો મત લેવાતાં જેડી(એસ) સરકારનું પતન થયું : ભાજપે બહુમતી સાબિત કરી

કર્ણાટકમાં છેલ્લા દસેક દિવસથી ચાલી રહેલા રાજકીય નાટકનો અંત આવ્યો.મુખ્યમંત્રી કુમાર સ્વામીના નેતૃત્વ હેઠળની જનતા દળ(એસ) અને કોગ્રેસના ગઠબંધનથી ચાલી રહેલી સરકાર વિશ્વાસનો મત ૯૯ વિરુધ્ધ ૧૦૫ મતે હારી જતાં કુમારસ્વામીની ૧૪ મહિના જુની સરકારનો અંત આવ્યો હતો. તેમણે તેમનુ રાજીનામું વજુભાઈ વાળા, રાજયપાલને સુપ્રત કર્યુ હતુ.હવે ભાજપના પુર્વ મુખ્યંત્રી યેદિયુરપ્પા પોતાની સરકાર બનાવવાનો દાવો રજુ કરશે.

હજુ લોકોને યાદ હશે કે કેમ.યેદુરપ્પા ભ્રષ્ટાચારના આરોપોસર ભાજપમાથી દુર કરાયા હતા. અને તેમને મુખ્યમંત્રી તરીકે રાજીનામુ આપવું પડ્યું હતું.હવે ભાજપ તેમને મુખ્યમંત્રી બનાવશે.



કોલકોતામાં શહીદ દિન નિમિત્તે પ.બંગાળના મુખ્યમંત્રીએ યોજેલી શક્તિ રેલીનું દ્રશ્ય



ઉત્તર કોરીયામાં તાજેતરમાં મતદાન યોજાયું હતું. લાખો કોરીયાવાસીઓ મતદાન માટે હાજર રહ્યા હતા. આ મતદાનમાં ૯૯.૯ ટકા લોકોએ મતદાન કર્યુ હતું. તેમાં ૧૦૦ ટકા મત સરમુખત્યાર કિમ જોંગ ઉનને જ મળ્યા હતા.વૈશ્વિક સ્તરે લોકોમાં ચર્ચા ચાલી હતી કે આવી ફોર્માલીટી કરવાની શી જરુર હતી. જે મતદાનનું પરિણામ પહેલેથી જ નક્કી છે તેના માટે સમગ્ર પ્રક્રિયા હાથ ધરવાની જરુર શું છે.

ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો

http://jagadishchristian.com

ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુક http://facebook.com/robin.dholakia ઉપર પણ જોઈ શકાશે.

# ગરવી નવક્રાંતિ

દેશમાં આતંકના મુળીયા ઉખાડી કાઢવા માટે કટિબધ્ધ બનેલી સરકારે લોકસભામાં એક મહત્વનો ખરડો અનલોફુલ એક્ટિવિટિસ(પ્રિવેન્સન)એમેન્ડમેન્ટ બિલ ૨૦૧૯ ને પસાર કરાવી દીધો છે.કોગ્રેસ,બસપા,ટીએમસી અને એનસીપી જેવા પક્ષોએ આ ખરડાનો વિરોધ કર્યો હતો.જો કે લોકસભાની સરકારની બહુમતીના જોરે ખરડો પસાર થઇ ગયો છે.સુધારિત ખરડામાં સંગઠનોની સાથે સાથે આતંકી ગતિવિધિઓમાં સંડોવાયેલા લોકોને પણ આતંકી જાહેર કરવાની જોગવાઇ છે. ટીએમસીના સાસંદે આ ખરડાને ખતરનાક અને લોકવિરોધી ગણાવીને તેને પાછો ખેચવાની માંગ કરી હતી. કોગ્રેસે વિરોધમાં વોકઆઉટ કર્યો હતો.લોકસભામાં પસાર થયા બાદ હવે તેને રાજ્યસભામાં સરકાર પસાર કરાવશે.

આ ખરડો નેશનલ ઇન્વેસ્ટીગેશન એજન્સી(એનઆઇએ)ને અસીમીત અધિકાર આપે છે અને સત્તા બક્ષે છે.અત્યારસુધી તો તપાસનીસ અધિકારીને રાજ્યના ડીજીપીની મંજુરી લેવી પડતી હતી પરંતુ હવે ફક્ત એનઆઇએના ડિરેક્ટરની જરુર રહેશે.તેમજ ડીએસપી કે આસ.કમિશ્નર ઓફ પોલીસ રેન્કના અધિકારી પણ આતંકી કેસની તપાસ કરી શકશે.જેમને આતંકી જાહેર કરાય તેમની સંપત્તિઓ જપ્ત કરી લેવાશે.

હવે આ ખરડો કાયદો બને પછી સરકાર તેનો કેટલો સદપયોગ કરે છે કે તેના વિરોધીઓને કનડગત માટે તેનો ઉપયોગ કરે છે તે જોવાનું રહેશે. અત્યાર સુધીમાં વિપક્ષોએ સરકારી એજન્સીનો સરકાર દુરપયોગ કરી રહી છે તેવા આરોપો લગાવ્યા છે. પરંતુ આ કાયદાથી એનઆઇએને અમર્યાદ સત્તાઓ મળી રહેશે. એનઆઇએ પીએમઓની દેખરેખ હેઠળ કામગીરી કરે છે.

## મંતવ્ય

દેશના વિવિધ વિસ્તારોમાં બની રહેલી મોબ લિંચીગની ઘટનાઓ વધી રહી છે.કોઇપણ રાજકીય પાર્ટી સત્તામાં હોય તેથી તેના કાર્યકરોને કાયદાનો ભંગ કરી હત્યાઓ કરવાનો પરવાનો મળી જતો નથી.ધર્મની આડ લઇને કરાતું મોબ લીચીંગમાં જયશ્રી રામ ના નારાઓનો ઉપયોગ કરીને ધર્મને ઉતારી પાડવાનું કાર્ય કરી રહેલા કેટલાક કટ્ટરતાને વરેલા સંગઠનોના કાર્યકરોમાટે શરમજનક બાબત છે. કેટલાક નામાંકિત વ્યક્તિઓએ વડાપ્રધાનને આ બાબતે સખ્ત પગલાં લેવા માટે અસરકારક રજુઆત કરી છે. જ્યાં સુધી ઉપરથી સખ્તાઇનો આદેશ આપવામાં આવશે નહીં ત્યાં સુધી નીચેના સ્તરે આ પ્રકારની હરકતો ચાલતી રહેશે.પોલીસ સત્તાધારીઓના સુવાળા સાથે ચાલતા સંગઠનો પ્રત્યે હમદર્દી ધરાવે છે તેથી અપરાધીઓને ખુલ્લો મોકો મલી જાય છે.

લલિત કે પરમાર


**AGNELO FREE MARRIAGE SERVECES, INDIA**

agnelofreemarriagebureau@gmail.com.

parmar_kanu2002@yahoo.co.in

http://jagadishchristian.com/

Conact No.0091 9824489344,

(R)0091-2692-260332

**જાહેરાત માટે સંપર્ક કરો**

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવક્રાન્તિ સાપ્તાહિક 9825169386

**★ નીલા ફાઇનાન્સ ★**

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

**નીલા સી.ગામડીયા**

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૨૫૩૮૩૩૨૨


# દેશના કાયદેસરના નાગરિકોને પાછા જવાનું કહેવું યોગ્ય નથી : રિપબ્લીકન પક્ષ

ચાર મહિલા ડેમોક્રેટસ સાંસદોને તેમના દેશમાં ચાલ્યા જવાની ટ્રમ્પની ચેતવણી બાદ ખુદ રાષ્ટ્રપ્રમુખની પાર્ટી રિપબ્લીકન નેતાઓએ એવું કહ્યુ હતું કે કોઇને પાછા જવાનું કહેવું બરાબર નથી. રિપબ્લીકન નેતા એલીસ સ્ટેફનિકે ટ્વીટ કરીને જણાવ્યુ કે ડેમોક્રેટસ નેતાઓ પરની રાષ્ટ્રપ્રમુખની ટિપ્પણી અયોગ્ય અને અનિચ્છનીય અને ખોટી છે. અમેરિકાના કાયદેસરના નાગરિકોને તેમના મુળ દેશમાં ચાલ્યા જવાનું કહેવું અસ્વીકૃત છે. ચાર મહિલા સાંસદ અમેરિકાના નાગરિક છે. તેમને જન્મ અમેરિકામાં થયો છે. રિપબ્લિકન સેનેટર સુસાન કોલિન્સે જણાવ્યુ કે હાઉસ ડેમોક્રટસના નેતાઓની ટિપ્પણી અને વિચારો સાથે તેઓ સંમત નથી. પરંતુ રાષ્ટ્રપ્રમુખ ટ્રમ્પની ડેમોક્રેટસ પરની ટિપ્પણી અયોગ્ય છે. અને તેમણે તે પાછી ખેચવી જોઇએ.

ટ્રમ્પની ડેમોક્રેટસને ચેતવણી: 'અમેરિકા પસંદ ન હોય તો જતા રહો' અમેરિકી રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ચાર મહિલા ડેમોક્રેટસ સાંસદોને ચેતવણી આપતાં કહ્યુ કે તેમને અમેરિકા પસંદ ન હોય તો તેમના દેશમાં જતા રહે.

અમેરિકી પ્રમુખે ચાર ડેમોક્રેટ મહિલા સાંસદો વિરુધ્ધ વંશીય ટિપ્પણી કરી હતી.તેમને વંશવાદી કહીને નિંદા કરતી રહેતી ચાર ડેમોક્રેટ સાંસદો પર કટાક્ષ કરતાં તેમને 'પ્રગતિશીલ ડેમોક્રેટ કોગ્રેસ વુમન'કહીને સંબોધન કર્યુ હતું. આ મહિલા સાંસદો જે દેશમાંથી આવ્યા હોય તે દેશમાં પરત જવું જોઇએ.અમેરિકામાં વસી રહેલા અનેક પ્રવાસી સમુદાયો માટે ટ્રમ્પનું આ નિવેદન ખતરારુપ છે.જે ડેમોક્રેટ સાંસદ મહિલાઓ વિરુધ્ધ ટ્રમ્પે વંશીય ટીપ્પણી કરી છે તેમાં ન્યુયોર્કના એલેકઝાન્ડ્રીયા ઓકોસીયો- કાર્તેજ, મીનીસોટાના ઇલ્હાન ઉમર, મિશિગનના રશીદા તલૈબ અને મેસચ્યુએટ્સના અયાના પ્રેસ્લેનો સમાવેશ થાય છે. આ ચારેય મહિલા પહેલીવાર અમેરિકી કોગ્રેસ(સંસદ)ની સભ્ય બની છે.

અમેરીકી પ્રમુખે ટ્વિટર પર કટાક્ષ કરતાં કહ્યુ હતું કે આ પ્રગતિશીલ ડેમોક્રેટ કોગ્રેસ મહિલા સભ્યો જે દેશમાંથી આવ્યા છે ત્યાંની સરકારો સંકટમાં છે. અને ભ્રષ્ટ છે અને હવે તે લોકો અમેરિકા જેવા વિશ્વના સૌથી શક્તિશાળી મહાન દેશને સરકાર કેવી રીતે ચલાવવી તે સમજાવી રહ્યા છે. તેઓ અમેરિકી લોકોને ઉશ્કેરી રહ્યા છે.પોતે જે દેશમાંથી આવ્યા છે તે અપરાધોથી ભરેલા અને સંકટનો સામનો કરી રહેલા દેશમાં તેઓ પાછા કેમ જતા નથી. તેમણે પોતાની સરકારોને પુરી રીતે ખતમ કરવામાં મદદ કરવી જોઇએ. રમખાણોથી પીડાઇ રહેલા પ્રદેશોમાં પહોચીને હકીકતો નિહાળવી જોઇએ. તે પછી અમેરિકા આવીને સમજાવે કે તેમણે આ બધું



કઇ રીતે કર્યુ.

રસીદા તલૈબનો જન્મ ડેટ્રોઇટમાં થયેલો છે. અમેરિકી કોગ્રેસમાં પહોચનારી પેલેસ્ટાઇન મુળની તે પ્રથમ મહિલા છે. તો ઇલ્હાન ઉમર સોમાલીયા મુળની છે. બાળપણમાં જ શરણાર્થીના રુપમાં અમેરિકા આવી હતી.કોગ્રેસમાં પહોચનારી પ્રથમ અશ્વેત મહિલા છે. એલેકઝાન્ડ્રીયા ઓકાસિયો મુળ પ્યુતોરિકા મુળના છે. અને તેમનો જન્મ ન્યુયોર્કમાં થયેલા છે.મસેચ્યુએટ્સમાંથી કોગ્રેસમાં પહોચનારા પ્રથમ આફ્રિકી-અમેરિકી મહિલા છે.આ ચારેય મહિલા સાંસદને કેટલાક 'સ્કોડ' કહીને સંબોધે છે. ચારેય ડેમોક્રેટ મહિલા સાંસદ ટ્રમ્પની નીતિઓના ટીકાકાર છે.ટ્રમ્પનું આ મહિલા સાંસદોને કહેવું છે કે પહેલા જે દેશમાંથી આવ્યા છો તે દેશમાં પાછા ફરીને સ્થિતિ સુધારો, તેદેશને તમારી જરુર છે.

# ગુજરાત સરકાર દ્વારા જુની સોસાયટીઓના રિડેવલપમેન્ટ માટે ડ્રાફ્ટ રુલ્સ જાહેર કરવામાં આવ્યા



ગુજરાત સરકારે ખાનગી હાઉસીંગ સોસાયટીમાં રિડેવલપમેન્ટ કરવા માટે ગત વિધાનસભા સત્ર દરમિયાન ગુજરાત ઓનરશીપ ફ્લેટ એક્ટ ૧૯૭૩માં સુધારો કર્યો બાદ તે સુધારા વિધેયકને ભારત સરકારની મંજુરી મળ્યા પછી શહેરી વિકાસ વિભાગે તે સંદર્ભે નિયમોનું જાહેરનામું બહાર પાડ્યું છે. આ ડ્રાફ્ટ રુલ્સ સંદર્ભે શહેરી વિકાસ વિભાગે ૩૦ દિવસ દરમિયાન નાગરિકો પાસેથી સુચનો મંગાવ્યા છે. સુચનો મળ્યા બાદ તેમાં ફેરફારને અવકાશને આધારે રુલ્સ સાથે આ એક્ટ અમલમાં આવતાં જુની સોસાયટીઓના રિડેવલપમેન્ટ માટે માર્ગ મોકળો થશે.

રિડેવલપમેન્ટ પ્રોજેક્ટ માટે જુની હાઉસીંગ સોસા.ના ઓછામાં ઓછા ૭૫ ટકા સભ્યોની મંજુરી અનિવાર્ય છે.જાહેર થયેલા ડ્રાફ્ટ રુલ્સમાં જણાવાયું છે કે આ પ્રોજેક્ટ માટે અરજી કર્યાના ૩૦ દિવસમાં હાઉસીંગ સોસા. અથવા એસોસીએશનની કારોબારી સમિતિની સ્પેશીયલ જનરલ સભા બોલાવવી પડશે. જેમાં રિડેવલપમેન્ટ માટે મંજુરી લેવી પડશે. ત્યારબાદ

અનુ. પાન નં.૩ ઉપર

# એનઆઇએ સુધાર ખરડાને લોકસભામાં બહુમતીથી પાસ કરાયો

લોકસભામાં ભારે ઉગ્ર ચર્ચા બાદ એનઆઈએ સુધાર ખરડાને બહુમતીએ પસાર કરી દેવામાં આવ્યો હતો. એનઆઈએ ખરડાની તરફેણમાં ૨૮૭ વોટ તો તેની વિરુધ્ધ ૬ વોટ પડયા હતા.ખરડા પર લેવાયેલા તમામ સુધારા પ્રસ્તાવને ફગાવી દેવામાં આવ્યા હતા.આ ખરડો પસાર થયા પછી રાષ્ટ્રીય તપાસનીશ એજન્સી વિદેશમાં ક્યાંય પણ ગંભીર ગુનાના કેસોની તપાસ અને નોંધણી કરી શકશે. ગૃહરાજ્યમંત્રી રેડ્ડીએ લોકસભામાં એનઆઈએ સુધારા ખરડાને રજુ કરતાં કહ્યુ હતું કે આજે જ્યારે દેશ અને દુનિયાને આતંકવાદના ખતરાને પહોચી વળવાનું છે ત્યારે એનઆઈએ સુધાર ખરડાનો ઉદ્દેશ તપાસનીસ એજન્સીના હાથ મજબુત કરવાના છે. આ ખરડો પસાર થયા બાદ તપાસ એજન્સીને વધારે સત્તા અને મજબુતી મળશે. અને તે વિદેશમાં જઈને આતંકવાદ વિરુધ્ધ તપાસ કરી શકશે.

# અમેરિકામાં ગેરકાયદેસર વસતા ઇમીગ્રેન્ટસ પર પોલીસ દ્વારા પાડવામાં આવેલા દરોડા




અમેરીકી પ્રમુખ ટ્મ્પના આદેશ બાદ ઈમીગ્રેશન એન્ડ કસ્ટમ એનફોર્સમેન્ટ દ્વારા ૧૦ શહેરોમાં દરોડા પાડવામાં આવ્યા છે.બીજી તરફ જે ઈમીગ્રન્ટસ અહીયા ગેરકાયદે રહે છે તેઓ અનાજ,કરિયાણુ અને બીજી જીવન જરુરીયાતની ચીજ વસ્તુઓ ભેગી કરી રહ્યા છે. બીજી તરફ સ્થાનિકો અને વિવિધ જગ્યાઓએ ચર્ચમાં આવા લોકોને આશરો આપવામાં આવી રહ્યો છે. સ્થાનિક લોકો દ્વારા આવા અમાનુષી આદેશનો વિરોધ પણ કરાઈ રહ્યો છે.

# ગુજરાતના નવા રાજ્યપાલ તરીકે આચાર્ય દેવવ્રતના નામની રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ દ્વારા ઘોષણા



આચાર્ય દેવવ્રત ગુજરાતના નવા ગર્વનર તરીકે નિયુક્ત થયા છે. મુળે આરએસએસના પ્રચારક એવા આચાર્ય દેવવ્રત આ અગાઉ ૨૦૧૫ થી હિમાચલ પ્રદેશના ગર્વનર હતા. જ્યાં હવે નવા ગર્વનર તરીકે કલરાજ મિશ્રા મુકાયા છે.

હરિયાણાના સમાલખા ખાતે ૧૮મી જાન્યુઆરી ૧૯૫૯માં જન્મેલા આચાર્ય દેવવ્રત હરિયાણાની ગુરુકુળ સંસ્થામાં ૧૯૮૧થી પ્રિન્સીપાલ તરીકે સેવા આપી હોઈ તેઓ આચાર્યના ઉપનામથી ઓળખાય છે. તેઓ પંજાબ યુની.માંથી હિન્દી વિષય સાથે અનુસ્નાતકની ડીગ્રી ધરાવે છે. સાથોસાથ તેઓ નવી દિલ્હીની ઓળ ઈન્ડીયા કાઉન્સીલ ફોર નેચરોપેથીમાંથી ડોકટર ઓફ નેચરોપેથી એન્ડ યોગિક સાયન્સની ડીગ્રી ધરાવે છે. કન્યા કેળવણી અને પર્યાવરણ જાળવણી તેમના રસના વિષયો છે. અગાઉ ગુજરાતના રાજ્યપાલ હવાલો પાડોશના રાજસ્થાન અથવા મધ્યપ્રદેશના ગર્વનરને સોપવાની ચર્ચા હતી. જો કે રાજ્યપાલ ઓ.પી.કોહલીની ટર્મ પુરી થયવાના છેલ્લા દિવસે આચાર્ય દેવવ્રતને રાષ્ટ્રપતિએ ગુજરાતના રાજ્યપાલ તરીકે નિયુક્તિ આપતાં તમામ અટકળોનો અંત આવ્યો છે.

**ડૉ.હેમેન્દ્ર જી. પરીખ**

પી.જી.યોગા,ડીએચએમએસ

**યોગ -હોમીયોપેથીક કન્સલ્ટન્ટ**

એકસ.સીની.કન્સલ્ટન્ટ,
રાજસ્થાન હોસ્પીટલ,અમદાવાદ
એકસ.સીની.કન્સલ્ટન્ટ
મોરારજી દેસાઇ આરોગ્યધામ,
હેલ્થ-વેલ્થ પ્લાનર
ગેસ્ટ કોલમીસ્ટ, ગુજરાત સમાચાર, દિવ્યભાસ્કર
મો.૯૩૭૬૧ ००८९८
E.mail : drhamparikh@yahoo.co.in

# ચીનનો જીડીપી વૃધ્ધિદર ૨૭ વર્ષના તળીયે, ઘટીને ૬.૨ ટકા થઇ ગયો : અમેરિકા સાથે ટ્રેડવોરની કિંમત ચીને ચુકવી

ચીનનો બીજા ક્વાટરનો જીડીપી વૃધ્ધિદર ૬.૨ ટકા થઈ ગયો હતો. જે છેલ્લા ૨૭ વર્ષમાં સૌથી નીચે આવી ગયો છે. ચીનની સરકારે જ સત્તાવાર રીતે આ જાહેરાત કરી હતી.અમેરિકા સાથે ટ્રેડ વોરની કિંમત ચીને ચુકવવી પડી રહી છે અને બીજી તરફ વૈશ્વીક માંગ પણ ઘટી ગઈ છે. જેને કારણે ચીનના અર્થતંત્ર પર સીધી અસર થઈ ચે. ચીનનો જીડીપી વૃધ્ધિદર ૨૦૧૯ના પ્રથમ ક્વાટરમાં ૬.૪ ટકા હતો જે ઘટીને બીજા ક્વાટરમાં(એપ્રીલ-જુન)માં ૬.૨ ટકાથઈ ગયો હતો.છેલ્લા ૨૭ વર્ષમાં પહેલી વાર ચીનનો વૃધ્ધિદર આટલા નીચા સ્તરે સરકી ગયો છે.વધારે ચિંતાજનક સ્થિતિ એટલા માટે છે કારણકે ૨૦૦૯ની વૈશ્વિક મંદી વખતે વૃધ્ધિદર ૬.૪ટકાથી નીચે ગયો.ચીનનું અર્થતંત્ર મોટાપાયે નિકાસ પર નિર્ભર હોવાથી વૈશ્વિક નરમાઈની પણ અસર થઈ હતી.

ચીનના નેશનલ બ્યુરો ઓફ સ્ટેટિસ્ટીક્સ ના જણાવ્યા પ્રમાણે જુનના અંતે પુરા થયેલા છ મહિનાના ગાળામાં ચીનનો જીડીપી વૃધ્ધિદર ૬.૩ ટકા રહ્યો હતો અને ૪૫.૦૯ લાખ કરોડ યુઆન(અંદાજે ૬.૫૬ લાખ કરોડ ડોલર થયો હતો.

અનુ. પાન નં.નું ચાલુ

આર્કિટેકસ,પ્રોજેકટ મેનેજમેન્ટ કન્સલટન્ટ નિયુક્તિ કરવા માટે અલગથી કારોબારી સમિતિની રચના કરવાની રહેશે. જેના દ્વારા બધાજ નિર્ણયો લેવાના રહેશે. આ રીતે નિયુક્ત થયેલા આર્કિટેક્સ, પ્રોજેક્ટ કન્સલટન્ટ ટેન્ડર બહાર પાડીને લાયકાત ધરાવતા કોન્ટ્રાકટર, બિલ્ડર કે ડેવલપરને રિડેવલપમેન્ટ માટે આંમત્રિત કરશે.

રિડેવલપમેન્ટ કરનાર ડેવલપરે ચોક્કસ સમય મર્યાદામાં પ્રોજેકટને પુરો કરવાનો રહેશે. નિયુક્ત થયેલા ડેવલપે કારોબારી સમિતિને બેંક ગેરંટી રજુ કરવાની રહેશે.જ્યાં સુધી રિડેવલપમેન્ટનું કામ પુર્ણ ન થાય ત્યાં સુધી સોસા.ના સભ્યોને વૈકલ્પિક રહેણાંક વ્યવસ્થા મફત પુરી પાડવાની રહેશે. અથવા તો ચોક્કસ રોકડ રકમ આપવાની રહેશે. આ રીતે બંને પક્ષે રજીસ્ટ્રેશન એકટ૧૯૦૮ હેઠળ કરારો કરવાના રહેશે.

રિડેવલપ કર્યા બાદ આકાર પામનારી નવી સોસા.માં નવા સભ્યો ઉમેરવા બાબતે ડેવલપર કરાર કરશે. રિડેવલપ થયેલા નવા પ્રોજેક્ટમાં યુનીટ દીઠ કાર્પેટ એરીયા કેટલો રાખવો તે અંગે પણ ડેવલપરને કરાર કરીને સુનિશ્ચિત કરવું પડશે. ડેવલપરને મિલ્કત વેચવાનો, તબદિલ કરવાનો અને તેના નિકાલ કરવાના અધિકારો સુપ્રત કરવા સંદર્ભે પણ કરાર અનિવાર્ય છે. પ્રોજેકટ નિષ્ફળ જાય અથવા તો કરાર ભંગ થાય તેવા કિસ્સામાં પ્રોજેક્ટને રદ બાતલ કરવા સંદર્ભે પણ ડેવલપર સાથે કરાર થશે.

પક્ષકારો સાથે કરાર થયા મુજબ શિફટીંગ ચાર્જ,કોમન ઈન્ફાસ્ટ્રકચર ડેવલપમેન્ટ ફંડ, પ્રોજેકટ પુરો ન થયો હોય તો તેની પેનલ્ટી, રિડેવલપમેન્ટ વર્ક વિગેરે માટે કોર્પસ ફંડ ડેવલપરે આપવાનું રહેશે.

**કાર ભાડે મળશે**



**લગ્ન તેમજ શુભ પ્રસંગ માટે ડિઝાઇનર કાર મળશે**



**મોબાઇલ : ૮૫૧૧૮૯૯૧૯૭**

**લિમોઝીન, બીએમ ડબલ્યુ , ઑડી , મર્સીડીઝ તથા અન્ય મેરેજ કાર મળશે**



**જાહેર ખબરના ભાવ**

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધુ પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦

વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬

# હસમુખો સ્વભાવ દીર્ઘ જીવનનું એક સર્વોત્તમ સાધન છે

‘દુઃખમાં જો સુખની અનુભુતિ ઇચ્છો છો તો હસમુખા બનો ‘એવી સંતવાણી છે. હાસ્ય માણસના દુઃખને ઓગાળી નાંખે છે. માનસિક કે શારીરીક દુઃખ માણસને ખતમ કરી શકે છે.એમાંથી ઉગરવાનો એક જ ઉપાય છે.તાણમુક્ત બનીને, હસતા રહો.બેકને કહ્યું છે: ‘હસમુખો સ્વભાવ દીર્ઘ જીવનનું એક સર્વોત્તમ સાધન છે’ જેનો સ્વભાવ હસમુખો છે, એ માણસ પોતાના વિરોધની નકારાત્મક વાતને પણ હકારાત્મક બનાવી દેતો હોય છે.હસમુખો માણસ કયારેય કોઇની વાતનું બુરુ માનતો નથી.તે તો બુરી વાતને પણ હસવામાં લઇ લે છે.આપણે જાણીએ છીએ કે, ખોટી તાણ અનુભવવાથી આપણા શરીરને જ હાનિ થતી હોય છે.હસવાથી મન-મસ્તિકની તાણ ઓછી થાય છે.જે નિર્દંભ અને નિર્દોષ રીતે હસી શકે છે,એના જીવનાં કોઇપણ પ્રકારની તાણ આવતી નથી.કોઇપણ વાતને હસી કાઢવી એ મોટી ઘટના છે.નિર્દોષ હાસ્યથી શું થાય ? થેકરે કહ્યું છે : સારુ નિર્દોષ હાસ્ય ઘરમાં સુર્યની જેમ અજવાળું પાથરે છે.આમાં હાસ્યની જે ક્ષમતા છે એનો નિર્દેશ કર્યો છે.હસતા રહો, જીવતા રહો,એ હાસ્ય કેવું ? માત્ર હોઠોનું કે હૃદયનું ? જે માત્ર હસવા ખાતર હસે છે એવા હાસ્યની જરુર નથી.આપણું હાસ્ય પણ હૃદયમાંથી આવવું જોઇએ. જે બીજાના હૃદયને સ્પર્શી શકે. વિક્ટર હ્યુગોએ કહ્યું છે : મને હોઠ અને હૃદયને ખોલી દે એવું હાસ્ય પ્રિય છે.તથા એ સમયે દાંત અને આત્માનું દર્શન કરાવે છે.માત્ર દાંત દેખાડવાની વાત નથી.પણ આત્માના પણ એમાં દર્શન થાય,એવા હાસ્યની વાત છે.હાસ્યન પણ એક આભા હોય છે.પ્રભાવ હોય છે.જે માણસ હૃદયના ઉંડાણથી હસે છે,એનો પડઘો સામેના હૃદયમાં પડતો હોય છે.કાર્લાઇલે કહ્યું છે : કોઇપણ માણસ જો દિલ ખોલીને હસ્યો હોય,બિલકુલ એવો દુરાચારી હોઇ શકે નહી જેનો પુન :સુધાર થઇ ન શકે.પ્રેમથી પશુ-પ્રાણી પણ વશ થાય છે.હાસ્યથી માણસનું હૃદય પરિવર્તન થઇ શકે છે.બીજાના મનમાં વળેલી જે ગાંઠો છે એ છુટી શકે છે.હાસ્યથી તો પુર્વગ્રહો મટી શકે છે.હાસ્ય તો ઉત્તમ ટોનિક છે.હાસ્યથી માણસ જગતમાં લોકપ્રિયતા પામી શકે છે.

સંત પેમનાએ કહ્યું છે : કોઇ કહે કે, જમીન મારી મિલ્કત છે, તો જમીન હસી પડે છે.કંજુસને જોઇને ધન હસી પડે છે.અને રણથી ડરવા વાળાને જોઇ કાળ અટ્ટહાસ્ય કરે છે. માણસને જેવો ભાવ એવી એમની ભાવના. હાસ્યકાર બીજાને હસાવતો હોય છે.પોતે ગંભીર રહેતો હોય છે.જો પોતે જ હસવા માંડે તો હાસ્યની મઝા મરી જાય છે.શિલરે કહ્યું છે : જ્યારે જોકર સ્વંય હસી પડે છે તો હાસ્યની મજા મરી જાય છે.આ તો જોકરની વાત થઇ, પણ સંસારમં જોકર જેવા ઘણા લોકો જોવા મળતા હોય છે.જે પોતે જ હાસ્યનું પાત્ર બનતા હોય છે.હાસ્ય તો નિરાશાની ગર્તામાં ડુબી ગયેલા માણસની આશાનું કિરણ છે.કોઇએ કહ્યું છે : સ્મિત થાકેલા માટે વિશ્રામ છે.હતોત્સાહ માટે દિવસનો પ્રકાશ છે.ઉદાસ માટે ધુપ અને સુખી માટે પ્રકૃતિનો સર્વોત્તમ પ્રતિકાર છે.આપણું એકાદ સ્મિત બીજાને જીંદગી જીવવાનો ટેકો પુરો પાડી શકે છે.શેક્સપિયરે તેથી તો કહ્યું છે કે, તમારે શું જોઇએ છે? જે કાંઇ પણ જોઇએ તે સ્મિતથી પ્રાપ્ત કરો.જોર જુલમથી નહી.કોઇપણ વસ્તુ આપણે જોર જુલમથી મેળવી શકીએ નહી.જોર જુલમથી મેળવેલ લાંબો સમય ટકતી નથી.પણ જે પ્રેમથી મળે છે. તે કાયમી હોય છે.કોઇ દુઃખીને આપણું એકાદ સ્મિત એના જીવનને અજવાળી શકતું હોય તો એનો આનંદ કેવો હોય ? કોઇને તમે કશું જ આપી શકો એમ ન હોવ તો એકાદ સ્મિત આપો. ચાર્લ્સ ડિકન્સ કહ્યું છે : જો આપણે જીવનપંથ પર પુષ્પો બીછાવી ન શકીએ તો ઓછામાં ઓછું સ્મિત પાથરી શકીએ છીએ.સ્મિતનો પ્રભાવ કેટલો મહાન છે. એ એમાંથી પ્રગટ થાય છે.આજના જે યંત્રો ચાલે છે.એમાંથી એકાદ ભાગ જો ખોરવાઇ જાય તો યંત્રની ગતિ બંધ થઇ જાય છે.આપણું શરીર પણ એક યંત્ર છે.હાસ્ય એ યંત્રનો ભાગ છે.તેના અભાવથી જીવનરુપી યંત્ર ખોટકાઇ જાય છે.આપણુ જીવનરુપી યંત્ર ખડકી ના પડે એ માટે તેમાં હાસ્યરુપી દિવેલ ઉંઝતા રહેવું પડે છે.

માણસથી માણસને જોડવાનું કામ હાસ્ય કરે છે.કોઇ અપરિચિત હોય, એની સામે સ્મિત આપો.થોડા સમય પછી તમે એકબીજાની નજીક જશો.હાસ્ય તો જીવનનો બગીચો છે. એમાં આનંદરુપી ફુલો ખીલતા રહે અને આપણા જીવનને સુગંધમય બનાવતા રહે છે.મહાત્મા વોલ્ટને કહ્યું છે : હાસ્ય એક અદ્ભુત ઔષધ છે.જે પૌષ્ટીક છે અને એથી બધા પ્રકારનું બળ મળે છે.આ દુઃખી સંસારમાં હાસ્ય સિવાય બીજુ મોટું અસરકારક ઔષધ ક્યું હોઇ શકે ?માણસ જ્યારે ખડખડાટ હસી પડે છે, ત્યારે એના ચહેરા ઉપર ગુલાબના પુષ્પો ઉગી નીકળે છે.જે ચહેરો ક્યારેય હસી ન શકે તે ક્યારેય ખીલી શકતો નથી.હાસ્ય તો અંતરમાંથી વહેતું ઝરણું છે.ગમે ત્યા જાઓ, જો હસતા રહેશો તો તમને ઘણા લોકો આવકારશે.તમને મળવા તત્પરતા દાખવશે.પણ જો દિવેલ પીધેલા જેવો ચહેરો લઇને ફરશો તો તમારી સામે જોનાર કોઇ જ નહી હોય.વિનોદવૃત્તિ જ જીવનનો રસ છે.એ રસમાં અન્યને પણ ભાગીદાર બનાવો તો એનો આનંદ બેવડાઇ જશે.થેકરે તો કહ્યું છે : હાસ્ય એક અદ્ભુત પોષાક છે. જે દરેક જગ્યાએ પહેરી શકાય છે.હાસ્યને ભાષાની જરુર નથી.એ દરેક દેશ-કાળમાં હોઇ શકે છે.હાસ્ય કોઇ તલવારના જોરથી મેળવી શકાતું નથી. હસતા હસતા જે મેળવી શકાય છે એ કાયમી યાદ રહે છે. ધનદોલત હોય, પણ હસી શકતા ન હોય તો એનો શો અર્થ ? રેમંડ હિચકોકે કહ્યું છે : જે વ્યક્તિ મુક્ત રીતે હસી શકે છે તે ગરીબ નથી.વિશ્વમાં હાસ્ય જેવી બીજી કોઇ સમૃધ્ધિ હોઇ શકે જ નહી. હાસ્ય માણસને દિલથી દિલને જોડે છે. પાસે લાવે છે, એકાકાર બનાવે છે.

ડો.કિશોરસિંહ સોલંકી
(સૌ.સંદેશ)

# લીંચીંગના મુદ્દે લગામ કસવા દેશની ૪૯ નામાંકિત વ્યક્તિઓએ વડાપ્રધાને પત્ર લખીને અપીલ કરી

દેશના ૪૯ નામાંકિત વ્યક્તિઓએ મોબ લીંચીંગ અને જયશ્રી રામના નારાને યુધ્ધનાદમાં બદલવાની પ્રવૃત્તિઓ પર લગામ કસવા વડાપ્રધાન મોદીને પત્ર લખીને અપીલ કરી છે. આ નામાંકિત વ્યક્તિઓમાં જાણીતા ફિલ્મ નિર્માતાઓ,એક્ટિવિસ્ટ,અને ઉદ્યોગ સાહસિકોનો સમાવેશ થાય છે.અભિનેત્રી અર્પણાસેન, ઇતિહાસકાર રામચંદ્ર ગુહા સહિતના દિગ્ગજોએ હસ્તાક્ષર કરેલા પત્રમાં વડાપ્રધાન મોદીને સંબોધીને લખવામાં આવ્યું છે કે પ્રિય વડાપ્રધાન, મુસ્લીમ,દલિત અને અન્ય લઘુમતી સમુદાયોનું લીચીંગ તાત્કાલિક અસરથી અટકાવવામાં આવે. એનસીઆરબીના આંકડા જોઇને અમને આઘાત લાગ્યો છે.૨૦૧૬માં દલિતો પર અત્યાચારની ઓછામાં ઓછી ૮૪૦ ઘટના નોધાઇ છે.આવા કેસોમાં દોષિતોને સજા મળવાના દરમાં પણ મોટો ઘટાડો નોધાયો છે.પત્રમાં જણાવાયું છે કે એનસીઆરબીના આંકડા અનુસાર ૧ જાન્યુ.૨૦૦૯થી ૨૯ ઓક્ટો.૨૦૧૮ વચ્ચે ધર્મના આધારે ૨૫૪ અપરાધ નોધાયા હતા.આ દરમિયાન ૯૧ લોકની હત્યા થઇ હતી.અને ૫૭૯ લોકોને ઇજા પહોચી હતી. ભારતમાં ૧૪ ટકા વસ્તી ધરાવતા મુસ્લીમો પર હુમલાના ૬૨ ટકા કેસ નોધાયા હતા.જ્યારે દેશમાં ફક્ત બે ટકા વસ્તી ધરાવતા ખ્રિસ્તીઓ પર હુમલાના ૧૪ ટકા કેસ નોધાયા હતા. આમાંથી ૯૦ ટકા અપરાધ મે ૨૦૧૪માં નરેન્દ્ર મોદી સત્તા પર આવ્યા ત્યારબાદ આચરાયા હતા.તમે મોબ લીચીંગની ઘટનાઓને સંસદમાં વખોડી કાઢી છે.પરંતુ તે પુરતું નથી.આ પ્રકારના અપરાધને બિનજામીનપાત્ર જાહેર કરવા જોઇએ.મહાનુભાવોએ પત્રમાં લખ્યું છે કેઅમને આશા છે કે અમે કરેલા સુચનને સાચા અર્થમાં લેવામાં આવે.

પત્રમાં જણાવવામાં આવ્યું છે કે દુઃખની વાત એ છે કે જયશ્રીરામનો નારો ઉશ્કેરણી કરવાનો નારો બની ગયો છે.જેના કારણે કાયદો અને વ્યવસ્થાની સમસ્યાઓ સર્જાઇ રહી છે.જયશ્રીરામના નારાને કારણે ઘણાની હત્યા કરવામાં આવી છે.આઘાતની વાત એ છે કે ધર્મના નામે બેફામ હિંસા આચરવામાં આવી રહી છે.આ કોઇ મધ્યયુગીન સમય નથી. ભગવાન રામનું નામ ભારતના બહુમતી સમુદાય માટે પવિત્ર છે. દેશના સૌથી સત્તાધારી વ્યક્તિ હોવાના નાતે ભગવાન રામના નામનો આ રીતે ઉપયોગ થતો તમારે અટકાવવો જોઇએ.

કેન્દ્રમાં અને દેશના મોટાભાગના રાજ્યોમાં સત્તામાં રહેલી ભાજપને ટીકા પચતી નથી તેવો આરોપ મુકતાં નામાંકિત વ્યક્તિઓએ જણાવ્યુ હતું કે કોઇ રાજકીય પાર્ટી સત્તામાં હોય તેનો અર્થ એ નથી કે તેજ દેશનો પર્યાય બની જાય છે.તેપણદેશની અન્ય રાજકીય પાર્ટી જેવીજ છે.


**ગ્રાહક મિત્રોને વિનંતી.**

આપનું લવાજમ બાકી છે/ પૂરું થયેલ છે.સરનામાની ટીકડી ચેક કરો.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭
ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬- ૦૭૯ ૬૫૨૧૪૭૫૬



ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...

ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટ્રુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઇરોમીટર તેમજ કોઈપણ સર્જીકલ આઇટમો તદન વ્યાજબી ભાવે મળશે.

**અમી સર્જીકલ**

**જય ક્રિશ્ચિયન**

૧૩,સહયોગ પાર્ક-૧ ,ન્યુ ગામડી રોડ, આણંદ.૧
મો.:૮૨૩૮૦૦૧૯૯૯
૯૮૨૪૩૬૨૪૬૨


ડેન્માર્કમાં સાડાચાર ફુટ લાંબી એક ચુંગી છે.

ગ્રેટ પાર માઉથની મેરી મેશટન નામની છોકરીએ ૧૫૭ કલાક પિયાનો વગાડેલ છે.

નાગાલેન્ડની માતૃભાષા અંગ્રેજી છે.

ભારતમાં ટપાલખાતામાં પીનકોડની પ્રથાની શરુઆત ૧૯૭૨થી અમલમાં આવી હતી.

રોમને સાત પહાડોના શહેર તરીકે ઓળખવામાં આવે છે.


**ગ્લોરી કેટરીગ સર્વીસ**

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

**ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ**

સંપર્ક: જહોન એમ.મેકવાન

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૦૯૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪



**ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર**

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

**સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.
મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭


તંત્રીઃ પ્રશાંત ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી,
૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.